વેચાણ દસ્તાવેજ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ અને તાલુકે ગાંધીનગરના મોજે ગામ ચિલોડા(નરોડા) ની સીમમાં આવેલ રેવન્યુ સરવે નંબર-૩૦૧ ક્ષેત્રફળ ૨૨૯૯૬ સમ ચોરસ મીટર પૈકી ૧૨૦૩૧ સમ ચોરસ મીટર (એફ-ફોર્મ મુજબ ૧૧૫૦૦ સમ ચોરસ મીટર) ની જમીન જેનો સમાવેશ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૪૧૧(નાના ચિલોડા-કરાઈ) માં થતા ટી.પી.કપાતમાં ગયેલ જમીન બાદ કરતા બાકી રહેતી જમીનને ફાઈનલ પ્લોટ નંબર-૧૬ પૈકી આપવામાં આવેલ જેનું ક્ષેત્રફળ ૬૯૦૦ સમ ચોરસ મીટર નક્કી કરવામાં આવેલ (ઔડા પાસેથી તા.૨૦-૦૭-૨૦૧૯ ના રોજ મંજુર કરેલ પ્લાન મુજબ ફાઈનલ પ્લોટ નંબર-૧૬ પૈકી સબ પ્લોટ નંબર-૨ ક્ષેત્રફળ ૬૯૦૦ સમ ચોરસ મીટર) તે બીનખેતીની જમીન ઉપર બંધાઈ રહેલ **"ROYAL LAKE VIEW"** ના નામથી બાંધવામાં આવેલ રહેંણાક હેતુની યોજનાના **બ્લોક નંબર-... માં .... ફ્લોર** ઉપર આવેલ **ફ્લેટ નંબર- ...** કુલ માપ **... સમ ચોરસ મીટર બીલ્ટઅપ એરીયા** (કાર્પેટ એરીયા .... સ.ચો.મી.+ બાલ્કની એરીયા ... સ.ચો.મી+ વોશ એરીયા... સ.ચો.મી= .... સ.ચો.મી.) ની મિલકત તથા સદર ફ્લેટના વરાડે પડતી વણવહેંચાયેલ **.... સમ ચોરસ મીટર**ની જમીનમાંના હક્કો કે જેની કકડાવાર વહેંચણી કયારેય અલગથી થઇ ન શકે તેવી જમીનના હક્કો સહિતની મીલકતનો વેચાણ દસ્તાવેજ રૂ........../ - અંકે રૂપીયા ....પુરાનો.

અમો	**:**	**યમુના ડેવલોપર્સ**
એક તરફવાળા	**:**	**PAN : AACFY 6531 C**
લખી આપનાર	**:**	**સરનામું : ૨૦૨, રોયલ આર્કેડ, નાના ચિલોડા,**
જમીન માલીક	**:**	**તા.જી.ગાંધીનગર, એ નામની ભાગીદારી પેઢીના વતી**
		અને તરફથી તેના ભાગીદારો

૧.રેખાબેન રાજેશકુમાર પટેલ

ઉંમર વર્ષ આશરે-૪૭, વ્યવસાય-વેપાર/ઘરકામ, ધર્મે તથા જાતે-હિન્દુ,
રહેવાસી : બી-૫૦૩, બંસરી હાઈટ્સ, નાના ચિલોડા, ગાંધીનગર.

આધાર કાર્ડ નંબર : ૪૮૦૮ ૪૨૬૨ ૩૦૬૪

PAN : BSZPP 5537 P

૨.દેવાંગકુમાર નટવરભાઈ પટેલ
ઉમર વર્ષ આશરે-૩૦, વ્યવસાય-વેપાર, ધર્મે તથા જાતે-હિન્દુ,
રહેવાસી : એ-૩, આસ્થા બંગ્લોઝ, સોલા ઓવરબ્રીજની પાસે, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ.
આધાર કાર્ડ નંબર : ૭૨૮૪ ૨૭૫૭ ૧૨૭૭
PAN : BCUPP 4744 H

૩.વિજયકુમાર કાન્તિભાઈ પટેલ
ઉમર વર્ષ આશરે-૪૮, વ્યવસાય-વેપાર, ધર્મે તથા જાતે-હિન્દુ,
રહેવાસી : ૧૬, સાયોના પ્રસાદ બંગ્લોઝ, ચાંદલોડીયા, અમદાવાદ.
આધાર કાર્ડ નંબર : ૮૩૬૭ ૧૩૦૮ ૩૯૨૦
PAN : ABHPP 4481 A

૪.જયંતિભાઈ ધુળાભાઈ પટેલ
ઉમર વર્ષ આશરે-૪૦, વ્યવસાય-વેપાર, ધર્મે તથા જાતે-હિન્દુ,
રહેવાસી : ઈ-૫૦૧, ઓઝોલ લાઈફ સ્ટાઈલ, નિકોલ નરોડા રોડ, અમદાવાદ.
આધાર કાર્ડ નંબર : ૮૨૨૬ ૫૯૫૩ ૧૬૫૯
PAN : AQJPP 6941 Q

૫.કનુભાઈ અંબાલાલ પટેલ
ઉમર વર્ષ આશરે-૪૭, વ્યવસાય-વેપાર, ધર્મે તથા જાતે-હિન્દુ,
રહેવાસી : ૧૮, આશ્રય બંગ્લોઝ, ઈન્દીરા બ્રીજ પાસે, હાંસોલ, અમદાવાદ.
આધાર કાર્ડ નંબર : ૫૧૪૦ ૩૦૬૯ ૩૪૦૩
PAN : AIDPP 6800 C

૬.પ્રવિણભાઈ દશરથભાઈ પટેલ
ઉમર વર્ષ આશરે-૪૧, વ્યવસાય-વેપાર, ધર્મે તથા જાતે-હિન્દુ,
રહેવાસી : ૫, શિખર બંગ્લોઝ, એપોલો સર્કલ પાસે, સુઘડ, ગાંધીનગર.
આધાર કાર્ડ નંબર : ૯૧૪૯ ૯૨૬૮ ૭૩૦૭
PAN : ACRPP 2752 M

(જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં લખી આપનાર અથવા પ્રમોટર અથવા વેચાણ આપનાર અથવા અમો એક તરફવાળા એ રીતે સંબોધવામાં તથા ઉલ્લેખવામાં આવેલા છે. જે શબ્દના અર્થમાં **યમુના ડેવલોપર્સ**એ નામની ભાગીદારી પેઢી તથા તેના હાલના તથા વખતો વખતના ભાગીદારો તથા તેમના તથા અમો લખી આપનાર પોતે જાતે તથા અમો લખી આપનારના વંશ, વાલી, વારસો, એસાઇનીઝ, સકસેસર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, ઇત્યાદી તમામનો સમાવેશ થયેલો ગણવામાં આવશે).

તમો	**:**	**૧.....**
બીજી તરફવાળા	**:**	ઉમર વર્ષ આશરે-૫૨, ધર્મે તથા જાતે-હિન્દુ, ધંધો-વેપાર/નોકરી,
લખાવી લેનાર	**:**	**આધાર કાર્ડ નંબર : ....**
એલોટી	**:**	**PAN : ....**

૨.....
ઉમર વર્ષ આશરે-૫૨, ધર્મે તથા જાતે-હિન્દુ, ધંધો-વેપાર/નોકરી,
આધાર કાર્ડ નંબર : ....
PAN : ....
બન્ને રહેવાસી- ....,
....

(જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં તમો બીજી તરફવાળા અથવા વેચાણ લેનાર યાને એલોટી યાને એ રીતે સંબોધવામાં આવેલ છે જે શબ્દના અર્થમાં તમો વેચાણ લેનાર બીજી તરફવાળા એલોટી પોતે જાતે તથા તમો વેચાણલેનાર એક તરફવાળા એલોટીના વંશ, વાલી, વારસો, એસાઇનીઝ, સકસેસર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, ઇત્યાદી તમામનો સમાવેશ થયેલો ગણવામાં આવશે).

1.. રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ અને તાલુકે ગાંધીનગરના મોજે ગામ ચિલોડા(નરોડા) ની સીમમાં આવેલ રેવન્યુ સરવે નંબર-૩૦૧ ક્ષેત્રફળ ૨૨૯૯૬ સમ ચોરસ મીટર પૈકી ૧૨૦૩૧ સમ ચોરસ મીટર (એફ-ફોર્મ મુજબ ૧૧૫૦૦ સમ ચોરસ મીટર) ની જમીન જેનો સમાવેશ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૪૧૧(નાના ચિલોડા-કરાઈ) માં થતા ટી.પી.કપાતમાં ગયેલ જમીન બાદ કરતા બાકી રહેતી જમીનને ફાઈનલ પ્લોટ નંબર-૧૬ પૈકી આપવામાં આવેલ જેનું ક્ષેત્રફળ ૬૯૦૦ સમ ચોરસ મીટર નક્કી કરવામાં આવેલ (ઔડા પાસેથી તા.૨૦-૦૭-૨૦૧૯ ના રોજ મંજુર કરેલ પ્લાન મુજબ ફાઈનલ પ્લોટ નંબર-૧૬ પૈકી સબ પ્લોટ નંબર-૨

ક્ષેત્રફળ ૬૯૦૦ સમ ચોરસ મીટર) તે બીનખેતીની જમીન ઉપર બંધાઈ રહેલ **"ROYAL LAKE VIEW"** ના નામથી બાંધવામાં આવેલ રહેંણાક તથા વાણીજ્યક હેતુની યોજના અમો લખી આપનારની પ્રત્યક્ષ માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે.

૨.. રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ અને તાલુકે ગાંધીનગરના મોજે ગામ ચિલોડા(નરોડા) ની સીમમાં આવેલ રેવન્યુ સરવે નંબર-૩૦૧ ક્ષેત્રફળ ૨૨૯૯૬ સમ ચોરસ મીટર પૈકી ૧૨૦૩૧ સમ ચોરસ મીટર (એફ-ફોર્મ મુજબ ૧૧૫૦૦ સમ ચોરસ મીટર) ની જમીન જેનો સમાવેશ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૪૧૧(નાના ચિલોડા-કરાઈ) માં થતા ટી.પી.કપાતમાં ગયેલ જમીન બાદ કરતા બાકી રહેતી જમીનને ફાઈનલ પ્લોટ નંબર-૧૬ પૈકી આપવામાં આવેલ જેનું ક્ષેત્રફળ ૬૯૦૦ સમ ચોરસ મીટર નક્કી કરવામાં આવેલ (ઔડા પાસેથી તા.૨૦-૦૭-૨૦૧૯ ના રોજ મંજુર કરેલ પ્લાન મુજબ ફાઈનલ પ્લોટ નંબર-૧૬ પૈકી સબ પ્લોટ નંબર-૨ ક્ષેત્રફળ ૬૯૦૦ સમ ચોરસ મીટર) તે બીનખેતીની જમીન અમો લખીઆપનારની કુલ સ્વતંત્ર માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટાની આવેલ છે અને સરકારી રેવન્યુ રેકર્ડમાં અમો વેચાણ આપનારના નામે ચાલે છે કે જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **"સદર જમીન"** એ રીતે સંબોધવામાં આવશે જેનું સંપુર્ણ વર્ણન નીચે પરીશીષ્ટમાં આપવામાં આવેલ છે.

મહેરબાન જીલ્લા કલેકટરશ્રી, ગાંધીનગરના હુકમ નંબર-સીબી/ગણોત/વશી.૮૩૪૫ થી ૮૩૫૪/૨૦૧૮, તા.૧૨-૧૦-૨૦૧૮ થી સદર જમીન બીનખેતી હેતુ માટે જુની શરતમાં તબદીલ કરવામાં આવેલ અને તે અંગેની એક ધોરણસરની નોંધ ગામનમુના નંબર-૬ માં ફેરફારની એન્ટ્રી નંબર-૫૩૯૫ તા.૨૪-૧૦-૨૦૧૮ ના રોજથી દાખલ કરવામાં આવેલ જે લાગતા-વળગતા અધિકારી દ્વારા તા.૧૨-૧૨-૨૦૧૮ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદર સરવે નંબર-૩૦૧ ની ૨૨૯૯૬ સમ ચોરસ મીટર, ટી.પી.નંબર-૪૧૧, ફાઈનલ પ્લોટ નંબર-૧૬ ક્ષેત્રફળ ૧૩૧૮૯ સમ ચોરસ મીટરની જમીનને મહેરબાન જીલ્લા કલેકટર સાહેબ, ગાંધીનગરના હુકમ નંબર-સીબી/એન.એ./ગાંધીનગર/ચિલોડા(નરોડા)/૩૦૧/૯૯૫૪૮૭/૨૦૧૮, તા.૨૭-૧૧-૨૦૧૮ ના રોજના હુકમથી મલ્ટીપરપઝ/બહુલકહેતુ માટે બીનખેતીમાં તબદીલ કરવામાં આવેલ અને તે અંગેની એ ધોરણસરની નોંધ ગામનમુના નંબર-૬ માં ફેરફારની એન્ટ્રી નંબર-૫૪૪૬ તા.૦૮-૦૧-૨૦૧૯ ના રોજથી દાખલ કરવામાં આવેલ જે લાગતા-વળગતા અધિકારી દ્વારા તા.૧૮-૦૨-૨૦૧૯ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

વધુમાં સદર જમીનમાં સબ-પ્લોટ પાડવા માટે અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ સમક્ષ પ્લાન મુકેલ છે જે પ્લાનો અમદાવાદ નગર નિયોજકએ કેસ નંબર-પી.એમ.આર./૨૦૦/૫/ ૨૦૧૯/૩૦૯, તા.૧૦-૦૭-૨૦૧૯ ના રોજથી મંજુર કરાવેલ અને તે મુજબ સદર ફાઈનલ પ્લોટની જમીનમાં ૨ સબ પ્લોટ પાડવામાં આવેલ અને તે

મુજબ સબ-પ્લોટ નંબર-૧ નું ક્ષેત્રફળ ૬૨૮૯ સમ ચોરસ મીટર અને સબ-પ્લોટ નંબર-૨ નું ક્ષેત્રફળ ૬૯૦૦ સમ ચોરસ મીટર નક્કી કરવામાં આવેલ છે.

૩. વધુમાં સદર રેવન્યુ સરવે નંબર-૩૦૧ ક્ષેત્રફળ ૨૨૯૯૬ સમ ચોરસ મીટર પૈકી ૧૨૦૩૧ સમ ચોરસ મીટર (એફ-ફોર્મ મુજબ ૧૧૫૦૦ સમ ચોરસ મીટર) ની જમીન જેનો સમાવેશ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૪૧૧(નાના ચિલોડા-કરાઈ) માં થતા ટી.પી.કપાતમાં ગયેલ જમીન બાદ કરતા બાકી રહેતી જમીનને ફાઈનલ પ્લોટ નંબર-૧૬ પૈકી આપવામાં આવેલ જેનું ક્ષેત્રફળ ૬૯૦૦ સમ ચોરસ મીટર નક્કી કરવામાં આવેલ (ઔડા પાસેથી તા.૨૦-૦૭-૨૦૧૯ ના રોજ મંજુર કરેલ પ્લાન મુજબ ફાઈનલ પ્લોટ નંબર-૧૬ પૈકી સબ પ્લોટ નંબર-૨ ક્ષેત્રફળ ૬૯૦૦ સમ ચોરસ મીટર) તે બીનખેતીની જમીન તા.૧૬-૧૨-૨૦૨૦ ના રોજ દિનેશભાઈ ગુરૂમુખદાસ જસનાણી પાસેથી અમો લખીઆપનાર યાને કે **યમુના ડેવલોપર્સ** એ નામની ભાગીદારી પેઢીએ વેચાણ રાખેલ અને તે અંગેનો એક ધોરણસરનો વેચાણ દસ્તાવેજ મહેરબાન સબ-રજીસ્ટ્રાર સાહેબ, ગાંધીનગરની કચેરીમાં અનુક્રમ નંબર-૨૬૬૬૨ થી નોંધવામાં આવેલ અને તે અંગેની એક ધોરણસરની નોંધ ગામનમુના નંબર-૬ માં ફેરફારની એન્ટ્રી નંબર-૬૦૧૦ તા.૨૪-૧૨-૨૦૨૦ ના રોજથી દાખલ કરવામાં આવેલ જે લાગતા-વળગતા અધિકારી દ્વારા તા.૦૯-૦૩-૨૦૨૧ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

૪. સદર જમીન ઉપર રહેણાંકના હેતુ માટે બાંધકામ કરવા અંગે વિકાસ પરવાનગી અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ (ઔડા) દ્વારા સદર યોજના પૈકીના બ્લોક નંબર-એ, બી, સી, ડી, ઈ, એફ તથા જી ના રહેણાંક તથા વાણીજ્યકના નકશા મુજબ કરેલ છે. અને તે મુજબ રહેણાંક હેતુના ૨૩૮ તથા વાણીજ્યક હેતુના ૧૦ના એમ કુલ મળી ૨૪૮ યુનીટનું બાંધકામ કરવા સારૂ બ્લોક નંબર-એ, બી, સી, ડી, ઈ, એફ તથા જી ની રજાચિઠ્ઠી નંબર **: PRM/58/3/2021/220** થી તા.૦૧-૦૬-૨૦૨૧ ના રોજ આપવામાં આવેલ.

સદરહુ **"ROYAL LAKE VIEW"**ના નામની ઇમારતનુ હાલનુ બાંધકામ એક તરફવાળા દ્વારા ચાલુ છે અને એક તરફવાળાએ સદરહુ ઇમારત માટે ફાયર સેફ્ટી લાયસન્સ મેળવવાના બાકી છે તેમજ સદરહુ સ્કીમનુ ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી (રેરા) અંતર્ગત રજીસ્ટ્રેશન નંબર-**.......................................** થી તા.................... થી રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે. જેની નકલ એનેક્ષર-બી **(Annexure-B)** થી જોડવામાં આવેલ છે.

૫. હવે એક તરફવાળાએ સદર જમીન ઉપર **"ROYAL LAKE VIEW"** ના નામથી બાંધવામાં આવેલ રહેંણાક હેતુની યોજનાના **બ્લોક નંબર-... માં .... ફ્લોર** ઉપર આવેલ **ફ્લેટ નંબર- ...** કુલ માપ **... સમ ચોરસ મીટર બીલ્ટઅપ એરીયા** (કાર્પેટ એરીયા .... સ.ચો.મી.+ બાલ્કની એરીયા ... સ.ચો.મી+ વોશ એરીયા... સ.ચો.મી= .... સ.ચો.મી.) ની મિલકત તથા સદર ફ્લેટના વરાડે પડતી વણવહેંચાયેલ **.... સમ ચોરસ મીટર**ની જમીનમાંના હક્કો કે જેની કકડાવાર વહેંચણી કયારેય અલગથી થઇ ન શકે તેવી જમીનના હક્કો સહિતની મીલકત(જેનુ વિગત વાર વર્ણન નીચે દર્શાવેલ પરીશીષ્ટમાં વર્ણવવામાં આવેલ છે જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **"સદર મિલક્ત"** તરીકે વર્ણવેલ છે) તે મિલકત બીજી તરફવાળાને રૂા.............. અંકે રૂપીયા.............પુરામાં તા.........ના રજીસ્ટર્ડ બાનાખત નંબર...... થી અઘાટ વેચાણ આપવાનું કબુલ કરેલ છે.

૬. હવે બીજી તરફવાળાએ એક તરફવાળાને સદરહુ પરિશિષ્ટ વાળી મિલકતની વેચાણ કિમંતનો પુરે પુરો અવેજ રૂા............ અંકે રૂપીયા નીચેની વિગતે ચુકવી આપેલ છે. જે એક તરફવાળાને પુરે પુરા મળી ગયા બરાબર છે.

<u>એક તરફવાળાને અવેજ મળ્યાની વિગત</u>

રૂા....,૦૦,૦૦૦/-	અંકે રૂપીયા .... લાખ પુરાનો ચેક નંબર-..., તા.... ૨૦.. ના રોજનો ....બેંકનો તમો બીજી તરફવાળાએ અમો એક તરફવાળાની ભાગીદારી પેઢીના નામનો આપેલ છે તે,

----

રૂા. /- અંકે રૂપીયા પુરા

----

૭. એ રીતે ઉપરની વિગતે બીજી તરફવાળાએ સદરહુ પરિશિષ્ટ વાળી મિલકતની વેચાણ કિમંતનો પુરે પુરો અવેજ રૂા...................../- અંકે રૂપીયા............ પુરા એક તરફવાળાને ચુકવી આપેલ છે. આથી એક તરફવાળાએ સદરહુ પરિશિષ્ટ વાળી મિલકતનો પ્રત્યક્ષ કબજો બીજી તરફવાળાને આજ રોજ રૂબરૂ સોંપી દીધેલ છે જેનો બીજી તરફવાળાએ આજરોજ સારી અને સંતોષકારક સ્થિતિમાં સ્વીકાર કરી લીધેલ છે. તેમજ સદરહુ પરિશિષ્ટ વાળી મિલકતનો આ પાકો વેચાણ દસ્તાવેજ એક તરફવાળાએ આજરોજ બીજી તરફવાળાની તરફેણમાં સહી કરી આપેલ છે.

વધુમાં બીજી તરફવાળાએ સદર મિલકતના પ્લાન, પરમીશન, લીગલ, ડોકયુમેન્ટસ, સ્ટ્રકચર, આર્કીટેકટ તથા ઈન્જીનીયર સદર મિલકતનો એરીયા કોમન સુવિધાઓ સગવડો બ્રોશરમાં દર્શાવેલ તમામ વિગતો અંગેની તમામ પ્રકારની ચકાસણી કરી કરાવી લીધેલ છે. તે અંગે બીજી તરફવાળાએ તેમના ખાસ વિશ્વાસુ તથા કાયદાના અને સદર

વિષયના નિષ્ણાંત વ્યક્તિ પાસેથી સદર મિલકત અંગેની તમામ બાબતો અંગેની જાણકારી મેળવી તથા તેમની સલાહ સુચન મેળવી લીધેલ છે અને બીજી તરફવાળા સંપુર્ણ સંતુષ્ટ છે અને ભવિષ્યમાં કોઈ પણ જાતનો દાવો કે તકરાર કરવાની નથી. તેવી સંપુર્ણ બાંહેધરી સદર મિલકત તમો બીજી તરફવાળાએ વેચાણ રાખેલ છે.

૮. હવેથી બીજી તરફવાળા આ વેચાણ દસ્તાવેજના આધારે સદરહુ પરિશિષ્ટ વાળી મિલકતના કુલ સ્વતંત્ર/સંયુકત/માલીક/માલીકો અને કબજેદાર/કબજેદારો બનેલા છો.

૯. હવે પછી મજકુર પરિશિષ્ટ વાળી મિલકત વેચાણ લેનાર ચાંદો સુરજ તપે ત્યાં સુધીના સમય માટે ભોગવે, વસે, વસાવે, વેચે, સાટે, ગીરો, બક્ષીસ આપે યા તેમનુ દિલ ચાહે તેમ કરવા માટે હક્કદાર છે અને તેમા એક તરફવાળા નો કે તેમના વંશ વાલી વારસો ઇત્યાદિ કોઇપણનો કોઇપણ પ્રકારેનો હક્ક, હિત, હિસ્સો રહેશે નહી.

૧૦. એક તરફવાળાએ બીજી તરફવાળા ખરીદનારને સદરહુ બ્લોક ઉપર આવેલ કોમન ખુલ્લી ટેરેસ (સમાંતર પેન્ટ હાઉસ માટેની ખુલ્લી ટેરેસ સિવાય) બીજી તરફવાળાનો અન્ય યુનિટ હોલ્ડરો સાથે સહિયારો વપરાશી હક્ક રહેશે યાને કે તમો બીજી તરફવાળા સદરહુ ધાબાનો ઉપયોગ અન્ય ફ્લેટ હોલ્ડરો સાથે મળીને પ્રસંગોપાત એટલે કે ઉતરાયણ જેવા તહેવારોએ કે તેમના ઘરના શુભ પ્રસંગોએ ઉપયોગ કરી શકશે. તેમજ ટી.વી.એન્ટીના મુકી શકશે. પરંતુ સદર ધાબાનો માલિકી હક્ક એક તરફવાળાનો રહેશે. વધુમાં એક તરફવાળા દ્વારા બીજી તરફવાળાને એલોટ કરેલ પાર્કિંગની જગ્યામાં જ બીજી તરફવાળા પોતાનુ વાહન પાર્ક કરી શકશે આ સિવાય અન્ય પાર્કીંગની જગ્યામાં તમો લખાવીલેનારનો કોઈ હક્કદાવો રહેશે નહી.

૧૧. વધુમાં બીજી તરફવાળાએ મજકુર પરિશિષ્ટ વાળી મિલકતનો ફકત રહેણાંક તથા વાણીજ્યક માટે જ ઉપયોગ કરવાનો છે તેમ છતા જો ભવિષ્યમાં બીજી તરફવાળા સદરહુ મિલકતનો ઉપયોગ રહેણાંક તથા વાણીજ્યક સિવાય અન્ય કોઇ બીજા હેતુ માટે કરે અને તેમાથી બાંધકામની શરતોનો ભંગ થાય કે અન્ય કોઇ પણ ત્રાહીત વ્યક્તિને કોઇ પણ પ્રકારનુ નુકશાન થાય તો તે તમામ ભરપાઇ કરવાની જવાબદારી માત્ર બીજી તરફવાળાની રહેશે.

૧૨. એક તરફવાળાએ બીજી તરફવાળા ખરીદનારને બેઝમેન્ટ તથા હોલો પ્લીંન્થના કોમન પાર્કીંગની જગ્યામાં જે એક/બે એલોટેડ પાર્કીંગની જગ્યા ફાળવેલ છે તે એલોટ કરેલ પાર્કીંગની જગ્યામાં પોતાનું વાહન પાર્કીંગ કરવાનું રહેશે આ સિવાય અન્ય પાર્કીંગની જગ્યામાં બીજી તરફવાળાનો કોઈપણ પ્રકારનો વપરાશી હક્ક રહેશે નહી. સદરહુ પાર્કીંગની જગ્યા માટે એક તરફવાળાએ બીજી તરફવાળા પાસેથી કોઈ પણ પ્રકારનો અવેજ લીધેલ નથી તથા બેઝમેન્ટ તથા હોલો પ્લીંન્થમાં આવેલ પાર્કીંગની જગ્યાનો ઉપયોગ ફ્લેટ હોલ્ડરોએ કરવાનો રહેશે.

૧૩. વધુમાં સદરહું સ્કીમમાં જે કોમનપ્લોટ નિયત કરેલ છે તેમા બીજી તરફવાળા તથા અન્ય તમામ ફ્લેટ હોલ્ડરોનો સહિયારો વપરાશી હક્ક રહેશે.

૧૪. સદરહું પરિશિષ્ટ વાળી મિલકતનાં તમામ સ્થાનિક કરવેરાઓ આજદીન સુધીના એક તરફવાળાએ

પુરે પુરા ભરપાઇ કરી દીધેલ છે તેમ છતાં આવા કોઇ કરવેરા ભરવાના બાકી નીકળે તો તે તમામ ભરપાઇ કરી આપવાની જવાબદારી એક તરફવાળાની રહેશે તેમજ હવે પછી આ મિલકતને લગતા તમામ કરવેરાઓ બીજી તરફવાળાએ એકલાએ ભોગવવાના રહેશે.

૧૫. બીજી તરફવાળાએ સદરહુ પરિશિષ્ટ વાળી મિલકતમાં સદરહું સમગ્ર ઇમારતના સ્ટ્રકચરને નુકશાન થાય તેવા કોઇ ફેરફાર કરવાના નથી.કે મિલકતનો બાહ્ય દેખાવ ખરાબ થાય તેવા કોઇ કૃત્યો કરવાના નથી. તેમજ સદરહું ફલેટની બાલ્કની કવર કરી શકશે નહિ કે તેમા કોઇ પણ પ્રકારનુ વધારાનુ બાંધકામ કરી શકશે નહિ.

૧૬. જે તારીખે ફ્લેટનો કબજો સોંપવામાં આવ્યો હોય તેના પાંચ વર્ષ દરમ્યાન બિલ્ડીંગ કે જ્યાં ફ્લેટ આવેલ છે તેમાં કોઈ સ્ટ્રક્ચર ખામી હોય વર્કમેનશીપની ખામી હોય, સેવાની ગુણવત્તા અને સેવાની જોગવાઈમાં ખામી હોય તો આવી ખામીઓ જ્યારે શકય હોય ત્યારે એક તરફવાળા એ સુધારી આપવાની રહેશે અને અથવા બીજી તરફવાળા આવી ખામી અંગેનું કાયદામાં જણાવ્યા મુજબ વળતર મેળવવા એક તરફવાળા પાસેથી હક્કદાર રહેશે. જો કે એક તરફવાળા સ્ટ્રક્ચર અંગેની કોઇ પણ ખામીઓ જેવી કે વર્કમેનશીપની ખામીઓ, સેવાની ગુણવત્તા અને લેવાની જોગવાઇમાં ખામી કે જે તેઓના કંટ્રોલ બહાર હોય તેના માટે જવાબદાર રહેશે નહિ.

૧૭. સદરહું મિલકતની વેચાણ ક્મિંતમાં મેઈન્ટેનન્સની રકમનો સમાવેશ કરવામાં આવેલ નથી વધુમાં સદરહુ સ્કીમમાં આવેલી તમામ સામાન્ય સુવીધાઓ જેવી કે પાણી, ગટર, સ્ટ્રીટ લાઈટ, સાફસુફી, કોમન રીપેરીંગ વિગેરે તમામ બીજી તરફવાળાનો અન્ય સહમાલિકો સાથે સહીયારો વપરાશી હક્ક રહેશે. તેમજ આવી તમામ સહીયારી સુવીધાઓની ભવિષ્યમાં કયારેય પણ અલગ અલગ વહેચણી કરી કરાવી શકશે નહિ. પરંતુ તેની તમામ સહીયારી સુવિધાઓમાં સદરહું સ્કીમના તમામ યુનીટ હોલ્ડરોનો સહિયારો વપરાશી હક્ક રહેશે તેમજ આવી તમામ સામાન્ય સુવિધાઓ જે મેઇન્ટેનન્સ ખર્ચ આવે તે એક તરફવાળા વખતો વખત નક્કી કરે તે મુજબ બીજી તરફવાળાએ અન્ય સહમાલીકો સાથે મળી એક તરફવાળાને ચુકવવાના રહેશે. જો કે હાલ બીજી તરફવાળા એ જે કોમન મેઇન્ટેનન્સ ડીપોઝીટની રકમ એક તરફવાળાને ચુકવેલ છે તેની આવક માથી એક તરફવાળા મેઇન્ટેનન્સ ખર્ચ કરશે અને તે મેઇન્ટેનન્સ ડીપોઝીટમાંથી ખર્ચ એકજસ્ટ કરવામાં આવશે પરંતુ જો તેમાં મેઈન્ટેન્સ ડીપોઝીટની રકમ ઘટે તો તે તફાવતની રકમ બીજી તરફવાળાએ એક તરફવાળાને ચુકવવાની રહેશે. અને સોસાયટીને વહીવટ સોપી દીધા પછી તમામ પ્રકારના મેઈંટેનન્સ કે વહીવટી ખર્ચ સોસાયટીના સભ્યોએ ભોગવવાના રહેશે.

૧૮. સદરહું સ્કીમની તમામ સહીયારી સુવિધાઓની માલીકી સદરહુ સ્કીમની સર્વિસ સોસાયટી/એસોસીએશનની માલીકીની રહેશે તથા તેનુ તમામ સંચાલન પણ સર્વિસ સોસાયટી/એસોસીએશન દ્વારા કરવામાં આવશે. ભવિષ્યમાં બીજી તરફવાળા તથા અન્ય સહ-માલીકોએ સદરહું એસોસીએશન/સર્વિસ સોસાયટીમાં ફરજીયાત રીતે સભ્ય થવાનું રહેશે અને આ એસોસીએશન/સર્વિસ સોસાયટી સદરહુ ઇમારત કે તેના ભાગના વહિવટને લગતા જે જે નિયમોનુ પાલન બીજી તરફવાળાએ અવશ્ય કરવાનુ રહેશે. વધુમાં સદરહુ સ્કીમના કોમન એરીયાના વપરાશી હક્કો પણ સર્વિસ સોસાયટી/એસોસીએશનના રહેશે અને ભવિષ્યમાં કોઇ

કાયદા અન્વયે જો સદરહુ કોમન એરીયાનો વેચાણ દસ્તાવેજ કરવાનો આવે તો તેવો વેચાણ દસ્તાવેજ એક તરફવાળાએ સદરહુ સર્વિસ સોસાયટી/એસોસીએશનની તરફેણમાં કરી આપવાનો રહેશે જોકે સદરહુ વેચાણ દસ્તાવેતજનો તમામ ખર્ચ સર્વિસ સોસાયટી/એસોસીએશનને ભોગવવાનો રહેશે.

સદરહુ પરિશિષ્ટ વાળી મિલકત બીજી તરફવાળાએ વેચાણ, ટ્રાન્સફર કે એસાઇન કરવાની થાય ત્યારે તેઓને એકતરફવાળા/એસોસીએશન/સર્વિસ સોસાયટીની લેખીતમાં મંજુરી લેવાની રહેશે તેમજ સદરહુ યોજનાનુ તમામ બાકી લ્હેણું ચુકવી તેમજ સદરહું યોજનાના જે તે વખતના નીતી-નિયમો, નિર્ણયોનુ પાલન કરવાની શરતે બીજી તરફવાળા સદરહુ પરિશિષ્ટ વાળી મિલકત વેચાણ કરવા હક્કદાર રહેશે.

અને સદર સ્કીમના તમામ યુનીટો વેચાઈ જાય ત્યાં સુધી એક તરફવાળા સોસાયટીના જમા મેઈન્ટેનન્સમાંથી વહીવટ કરશે અને ત્યાર બાદ સોસાયટીના સભ્યોને વહીવટ સોંપવામાં આવશે.

૧૯. સદરહું પરિશિષ્ટ વાળી મિલકતના વેચાણ અંગે જે કાનુની ખર્ચ થાય તે તમામ બીજી તરફવાળાએ એકલાએ ભોગવવાનો રહેશે તેમજ સદરહુ પરિશિષ્ટ વાળી મિલકતમાં જી.એસ.ટી., મેઇન્ટેનન્સ ડીપોઝીટ, ઔડામાં ભરવી પડતી રકમ, જી.ઇ.બી. ડીપોઝીટ તથા ખર્ચની રકમ પંચાયત ટેક્ષ, રીકરીંગ મેઇન્ટેનન્સ ચાર્જ વિગેરે સરકારી કર જો આપવાનો થાય તો તે બીજી તરફવાળાએ આપવાનો રહેશે વધુમાં દસ્તાવેજ કરી આપ્યા પછી પણ કોઇ ટેક્ષ સરકાર કે લોકલ ઓથોરીટી તરફથી આવેતો તે બીજી તરફવાળાએ આપવાનો રહેશે તેવી પાકી બાંહેધરી પછી જ આ વેચાણ દસ્તાવેજ કરેલ છે.

૨૦. બીજી તરફવાળાએ સદરહું પરિશિષ્ટ વાળી મિલકત જે સ્થિતિમાં વેચાણ રાખવા કબુલ કરેલ છે તેની બાંધકામની સ્થિતિની યોગ્ય અને પુરતી તપાસ કરેલ છે અને મિલકત જેમ છે તેમ સ્થિતિમાં વેચાણ રાખેલ છે વધુમાં સદરહું પરિશિષ્ટ વાળી મિલકતની તમામ સવલતો જેવી કે પાણીના નળ, બેસીંગ, સીન્ક, ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા પણ બીજી તરફવાળાએ ચેક કરી લીધેલ છે અને ફ્લેટની તમામ સગવડો બાબતે તમને સંતોષ થયેલ છે તેથી બીજી તરફવાળાએ અથવા ભવિષ્યમાં બનનાર સુચીત એસોસીએશન/સર્વિસ સોસાયટીએ એક તરફવાળાની વિરુધ્ધમાં કોઇ પણ પ્રકારના દાવાદુવી કે ગ્રાહક સુરક્ષામાં ફરીયાદ વિગેરે કરવાના નથી તેમ બીજી તરફવાળાએ કબુલ કરેલ છે.

૨૧. હવેથી સદરહું પરિશિષ્ટ વાળી મિલકત ઉપર એક તરફવાળાનો કે તેમના વંશ, વાલી, વારસો વિગેરેનો કોઇનો કોઇ પણ પ્રકારનો દર દાવો અલાખો યા લાગભાગ કે હક્ક હિસ્સો લેશમાત્ર રહ્યો નથી તેમ છ્તા હવેથી સદરહું પરિશિષ્ટ વાળી મિલકત ઉપર એક તરફવાળા તરફથી બીજો હરકોઇ માણસ હરકોઇ વ્યક્તિ હરકોઇ વખત હર કોઇ પ્રકારનુ દરદાવો, અલાખો તથા હરકત હેલો કરે તો તેનો જવાબ એક તરફવાળા કે તેમના વંશ, વાલી, વારસો બીજી તરફવાળાને થતા

તમામ ખર્ચ તથા નુકશાન સહિત આપવા માટે બંધાયેલા છીએ.

૨૨. સદરહું પરિશિષ્ટ વાળી મિલકત રેવન્યુ રેકર્ડ, સીટી સરવે રેકર્ડમાં કે ગ્રામ પંચાયતના રેકર્ડમાં ગ્રામ પંચાયતના વેરા પત્રકે, જી.ઇ.બી./યુ.જી.વી.સી.એલ કે અન્ય કોઇ ઇલેકટ્રીક સીટી કંપની કે ગેસ કંપનીમાં આ વેચાણ દસ્તાવેજના આધારે માલીક તથા કબજેદાર તરીકે બીજી તરફવાળા તેમના નામે ટ્રાન્સફર કરાવી લેવા હક્કદાર છે અને તે માટે એક તરફવાળાની સહીઓ, અરજીઓ, જવાબો, કબુલાતો, સ્ટેટમેન્ટો, ડેકલેરેશન, એફીડેવીટ તેમજ હાજરી અંગેની જે કાંઇ જરૂર પડે તે આપવા એક તરફવાળા બંધાયેલા છે અને રહેશે.

તથા સદરહુ મિલકતનુ વેચાણ થતુ હોવાથી ભારતીય નાણાકીય કાયદા ૧૯૯૪ અન્વયે સોવાકરના કાયદામાં ફેરફાર થવાથી વખતો વખતનાં કાયદાકીય નિતીનિયમોને અધિન અથવા અન્ય કોઇ પણ રીતે જો તેવા કર ભરવા પડે અથવા તેની જવાબદારી ઉભી થાય તો તેવા કર બીજી તરફવાળાએ ભરવાનો રહેશે તેની અહી સ્પષ્ટતા કરવામાં આવી છે તથા જે ફલોર ઉપર સભ્યને ફલેટ એલોટ કરેલ હોય તે ફલોર પરના કોમન પેસેજ ઉપર કોઇ પણ જાતનુ વધારાનુ ખોટુ બાંધકામ કે વધારાની વસ્તુઓ મુકવી નહી તથા પાણીની પાઇપ લાઇન ડ્રેનેજ ની (ચઢતી ઉતરતી) લાઇનમાં ભવિષ્યમાં જો કોઇપણ જાતનુ રીપેરીંગ કે સમારકામ કરવુ પડે તો તેમાં કોઇ પણ જાતની અડચણ કરવી નહી તેમજ મદદરૂપ થવાનુ રહેશે.

૨૩. સદરહું પરિશિષ્ટ વાળી મિલકતમાં બીજી તરફવાળા નિયત કરેલ આંતરિક રસ્તા માટે અન્ય સહમાલીક સાથે અવર-જવર કરી શકશે એક તરફવાળાએ બીજી તરફવાળાને જે મિલકત વેચાણ આપેલ છે તે સિવાય અન્ય મિલકત ઉપર તેમનો કોઇ પણ પ્રકારનો હક્કદાવો રહેશે નહિ.

૨૪. સદરહું પરિશિષ્ટ વાળી મિલકતના વેચાણ દસ્તાવેજના તમામ કાનુની ખર્ચાઓ જેવા કે સ્ટેમ્પ ડ્યુટી, રજીસ્ટ્રેશન ફી, વકીલ ફી, ટાઇપીંગ ચાર્જ, ઝેરોક્ષ ચાર્જીસ વિગેરે તમામ બીજી તરફવાળાએ એકલાએ પુરે પુરા ભોગવેલા છે.

૨૫. સદરહું પરિશિષ્ટ વાળી મિલકતના આજદીન સુધીના તમામ સ્થાનીક કરવેરાઓ એક તરફવાળાએ ભરી દીધેલ છે તેમજ આજદીન પછીના આવા તમામ કરવેરાઓ બીજી તરફવાળાએ ભરપાઇ કરી આપવાના રહેશે.

૨૬. એક તરફવાળા બીજી તરફવાળાને આથી ખાત્રી અને બાંહેધરી આપે છે કે સદરહું પરિશિષ્ટ વાળી મિલકત ટાઇટલ્સ કલીયર અને માર્કેટેબલ છે અને સદરહુ મિલકત ઉપર કોઇ પણ પ્રકારનો ગીરો બોજો કરેલ નથી કે સદરહું મિલકત આ અગાઉ કોઇ પણ ત્રાહીત વ્યકિતને કોઇ પણ રીતે લખી આપેલ નથી.

૨૭. સદરહું પરિશિષ્ટ વાળી મિલકત ઉપર બીજા કોઇ પણ પ્રકારના લહેણાનો બોજો યા લાગભાગ કે હક્ક હિસ્સો અગર ચાર્જ નથી તેમજ સદરહું પરિશિષ્ટ વાળી મિલકત એક તરફ્વાળાએ આજ પહેલા બીજા કોઇને કોઇ રીતે લખી આપીને કોઇ રીતના બોજામાં કે જોખમમાં નાખેલી નથી સદરહું મિલકત કોઇની જામીનગીરીમાં જપ્તીમાં અવ્વલ જપ્તીમાં કે ટોચમાં નથી તેમજ સદરહું મિલકત ટાઇટલ્સ ચોખ્ખા કલીયર માર્કેટેબલ તેમજ સેલેબલ હોવા બાબતની બીજી તરફ્વાળાએ પાકી ખાત્રી કરી લીધેલ છે અને સદરહું મિલકત વેચવા સાટવાનો એક તરફ્વાળાને સંપુર્ણ હક્ક અને અધિકાર છે એવો સર્વ બાબતનો એક તરફ્વાળાએ બીજી તરફ્વાળાને પાકો વિશ્વાસ અને સંપુર્ણ ભરોસો આપીને આ વેચાણ દસ્તાવેજ એક તરફ્વાળાએ લખી આપેલ છે.

૨૮. સદરહું પરિશિષ્ટ વાળી મિલકત જો કોઇ કુદરતી કારણોસર ધરાશાયી થઇ જાય તો તેવા સંજોગોમાં સદરહું ઇમારતના તમામ યુનીટ હોલ્ડરો સાથે મળી તેઓના ખર્ચે હિસાબે અને જોખમે તે જ પ્રકારની ઇમારત કે જે હાલમાં જે પરિસ્થીતીમાં આવેલ છે તે મુજબ બાંધવા કે બંધાવવા સદરહું બિલ્ડીંગના તમામ યુનીટના હાલના અને જે તે વખતના હોલ્ડરો માલીકો હક્કદાર છે.

વધુમાં તમો બીજી તરફ્વાળા એ વેચાણ રાખેલ મિલકત સામે આગ, ભુકંપ, યુધ્ધ, પુર, વાવાઝોડુ, કુદરતી કે કુત્રીમ આફ્તો વિગેરે સામે રક્ષણ મેળવવા બીજી તરફ્વાળાએ સદર મિલકતનો ઇન્સ્યોરન્સ પોતાના ખર્ચે અને જોખમે ઉતારવાનો રહેશે તથા આગ, ભુકંપ, યુધ્ધ, પુર, વાવાઝોડુ, કુદરતી કે કુત્રીમ આફ્તો વિગેરે ને કારણે ઉપરોકત બાંધકામ વાળી મિલકતને કોઇ પણ પ્રકારનુ નુકશાન થાય કે જાનમાલનુ નુકશાન થાય તો તેમાં અમો એક તરફ્વાળાઓ તથા કબુલાત આપનારાઓની કોઇ પણ પ્રકારની જવાબદારી રહેશે નહી તેવી તમામ બાબતની ચકાસણી તથા કબુલાત કરી સદર મિલકત તમો બીજી તરફ્વાળાએ વેચાણ રાખેલ છે.

૨૯. એક તરફ્વાળાએ બીજી તરફ્વાળાને મજકુર પરિશિષ્ટ વાળી મિલકત બાબતનાં તમામ માલીકી હક્કના જરૂરી દસ્તાવેજની કોપીઓ પુરી પાડેલ છે. તેમજ જરૂર પડ્યે એક તરફ્વાળા અન્ય કોઇ પણ દસ્તાવેજો, સોગંદનામાઓ, સહીઓ, સાક્ષીઓ બીજી તરફ્વાળાને કરી આપશે.

૩૦. પક્ષકારો વચ્ચેની કોઇ પણ તકરાર સમાધાનથી નીકાલ કરી આપવામાં આવશે જો કોઇ કેસમાં તકરાર સમાધાનપુર્વક અંત નહી આવે તો તેને સક્ષમ સત્તાધીશનને **Real Estate Regulation and Devlopment Act-2016** ની જોગવાઇઓ મુજબ સંબોધવામાં આવશે અને તે હેઠળ બનાવવામાં આવેલ નિયમો અને અધિનિયમ હેઠળ સંબોધવામાં આવશે.

૩૧. સમાંતરતા (**Severability**)

આ કરાર હેઠળની કોઇ જોગવાઇ આ કાયદા અથવા તે હેઠળના નિયમો અથવા નિયમોનો અથવા કોઇપણ લાગુ પડતા કાયદા હેઠળ રદ થવાને પાત્ર હોય અથવા લાગુ પડી શકે તેમ નહોય તો કરારની જોગવાઇઓ આ કરારના હેતુ માટે વ્યાજબી રીતે અસંગત હોય તેટલે સુધી સુધારે અથવા રદ થયેલ સમજવામાં આવશે તથા કાયદા નિયમ તથા નિયમને સુસંગત હોય તેટલે સુધી આ કરારની અન્ય જોગવાઇઓ માન્ય રહેશે અને કરાર સહી કરતી વખતે જે રીતે લાગુ પડવા પાત્ર હોય તે રીતે યોગ્ય રીતે અમલી થશે.

સદરહુ સ્કીમનુ નામ "**ROYAL LAKE VIEW**" નક્કી કરેલ છે અને તે બીજી તરફ વાળા કોઇ પણ સંજોગોમાં બદલી શકશે નહી.

૩૨. સદરહું મિલકતને લગતા કાગળો એક તરફવાળાએ બીજી તરફવાળાને આજ રોજ સોંપેલ છે.

૩૩. સદરહું સ્કીમમાં રેરાના નીયમ અનુસાર રજીસ્ટર બાનાખત તા......-૨૦૨૧ થી નોંધણી નંબર-......થી કરેલ છે.

૩૪. સદરહું સ્કીમમાં બી.યુ પરમીશન આવી ગયા પછી એફ.એસ.આઈ. તથા ટેરેસ ઉપર પ્રમોટરના કોઈપણ જાતના અધીકારો રહેશે નહી. અને ત્યાર પછીના તમામ અધીકારો સોસાયટીના મેમ્બર્સ(સભ્યો)ના રહેશે.

<u>પરીશિષ્ટ</u>

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ, સબ ડીસ્ટ્રીક્ટ અને તાલુકે ગાંધીનગરના મોજે ગામ ચિલોડા(નરોડા) ની સીમમાં આવેલ રેવન્યુ સરવે નંબર-૩૦૧ ક્ષેત્રફળ ૨૨૯૯૬ સમ ચોરસ મીટર પૈકી ૧૨૦૩૧ સમ ચોરસ મીટર (એફ-ફોર્મ મુજબ ૧૧૫૦૦ સમ ચોરસ મીટર) ની જમીન જેનો સમાવેશ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૪૧૧(નાના ચિલોડા-કરાઈ) માં થતા ટી.પી.કપાતમાં ગયેલ જમીન બાદ કરતા બાકી રહેતી જમીનને ફાઈનલ પ્લોટ નંબર-૧૬ પૈકી આપવામાં આવેલ જેનું ક્ષેત્રફળ ૬૯૦૦ સમ ચોરસ મીટર નક્કી કરવામાં આવેલ (ઔડા પાસેથી તા.૨૦-૦૭-૨૦૧૯ ના રોજ મંજુર કરેલ પ્લાન મુજબ ફાઈનલ પ્લોટ નંબર-૧૬ પૈકી સબ પ્લોટ નંબર-૨ ક્ષેત્રફળ ૬૯૦૦ સમ ચોરસ મીટર) તે બીનખેતીની જમીન ઉપર બંધાઈ રહેલ "ROYAL LAKE VIEW" ના નામથી બાંધવામાં આવેલ રહેંણાક હેતુની યોજનાના બ્લોક નંબર-... માં .... ફ્લોર ઉપર આવેલ ફ્લેટ નંબર- ... કુલ માપ ... સમ ચોરસ મીટર બીલ્ટઅપ એરીયા (કાર્પેટ એરીયા .... સ.ચો.મી.+ બાલ્કની એરીયા ...

સ.ચો.મી+ વોશ એરીયા... સ.ચો.મી= .... સ.ચો.મી.) ની મિલકત તથા સદર ફ્લેટના વરાડે પડતી વણવહેંચાયેલ .... સમ ચોરસ મીટરની જમીનમાંના હક્કો કે જેની કકડાવાર વહેંચણી ક્યારેય અલગથી થઇ ન શકે તેવી જમીનના હક્કો સહિતની મીલકત...

ખુંટચારની વિગત :-

પુર્વે :- ...

પશ્ચિમે :- ...

ઉત્તરે :- ...

દક્ષિણે :- ...

એ રીતે ઉપરોકત વેચાણ દસ્તાવેજ બન્ને પક્ષકારોએ તેમની રાજીખુશીથી અક્કલ હોશીયારીથી કોઇ પણ જાતના દબાણ વગર સ્વતંત્ર રીતે સાક્ષીઓની રૂબરૂમાં સહી કરી આપેલ છે જે બન્ને પક્ષકારો તથા તેમના વંશ, વાલી, વારસો, એસાઇનીઓ, સકસેસરો વીગેરે તમામને કબુલ મંજુર અને બંધન કર્તા છે અને રહેશે.

ગાંધીનગર

તારીખ- -૧૧-૨૦૨૧

અત્રે............................મતુ અત્રે............................શાખ

લખીઆપનારની સહી :- **સાક્ષીઓની સહીઓ :-**

યમુના ડેવલોપર્સએ નામની ભાગીદારી પેઢીના વતી અને તરફથી તેના ભાગીદારો

૧---------------------------- ------------------------

(રેખાબેન રાજેશકુમાર પટેલ)

૨----------------------------

(દેવાંગકુમાર નટવરભાઈ પટેલ)

૩-----------------------------

(વિજયકુમાર કાન્તિભાઈ પટેલ)

૪--------------------------

(જ્યંતિભાઈ ધુળાભાઈ પટેલ)

૫--------------------------

(ક્નુભાઈ અંબાલાલ પટેલ)

૬--------------------------   -------------------------

(પ્રવિણભાઈ દશરથભાઈ પટેલ)

મિલ્કતનો ફોટો

મિલકતનું સરનામું : ફ્લેટ નંબર- ....., ... ફ્લોર, **ROYAL LAKE VIEW**, કરાઈ,નાના ચિલોડા, ગાંધીનગર.

લખીઆપનારની સહી. **લખાવી લેનારની સહી.**

---------------------------------- -------------------------------

----

મિલકતનો ફોટો

મિલકતનું સરનામું : ફ્લેટ નંબર- ....., ... ફ્લોર, **ROYAL LAKE VIEW**, કરાઈ,નાના ચિલોડા, ગાંધીનગર.

લખીઆપનારની સહી. **લખાવી લેનારની સહી.**

--------------------------------- ------------------------------

----

રજીસ્ટ્રેશન અધિનિયમ ૩૨ (ક) મુજબનો પરિશિષ્ટ

લખી આપનાર :

યમુના ડેવલોપર્સએ નામની ભાગીદારી
પેઢીના વતી અને તરફથી તેના ભાગીદારો

૧------------------------- --------------------
(રેખાબેન રાજેશકુમાર પટેલ) ડાબા હાથના અંગુઠાનું નિશાન

૨------------------------- --------------------
(દેવાંગકુમાર નટવરભાઈ પટેલ) ડાબા હાથના અંગુઠાનું નિશાન

૩------------------------- --------------------
(વિજયકુમાર કાન્તિભાઈ પટેલ) ડાબા હાથના અંગુઠાનું નિશાન

૪------------------------- --------------------
(જયંતિભાઈ ધુળાભાઈ પટેલ) ડાબા હાથના અંગુઠાનું નિશાન

૫--------------------------- --------------------

(ક્નુભાઈ અંબાલાલ પટેલ) **ડાબા હાથના અંગુઠાનું નિશાન**

૬--------------------------- --------------------

(પ્રવિણભાઈ દશરથભાઈ પટેલ) **ડાબા હાથના અંગુઠાનું નિશાન**

<u>લખાવી લેનાર :</u>

૧------------------------------ -------------------

ડાબા હાથના અંગુઠાનું નિશાન

૨------------------------------ -------------------

ડાબા હાથના અંગુઠાનું નિશાન